ફોજદારી કેસ નં..૧૬૫૭/૨૦૨૫

-::: આંક - ૧ તળે હુકમ :::-

આ કામે કેસની હકીકત જોતા આરોપી સામે બી.એ.એસ. કલમ ૨૮૧ તથા એમ.વી. એકટની કલમ ૧૭૭ ૧૮૪ મુજબના ગુનાનો આરોપ છે.વધુમાં સદરહુ કેસ સમન્સ ટ્રાયેબલ કેસ છે.આ કામે આરોપી સામે સમન્સ કાઢવા છતા બજે કે વગર બજે પરત આવતુ નથી. આમ પોલીસ આરોપીને સમન્સ તથા વોરંટ પુરતી તક આપવા છતા બજાવામાં નીષ્ફળ ગયેલ છે, વધુમાં અવાર નવાર આરોપીને કરેલ વોરંટ બજે કે વગર બજે પોલીસ દ્વારા પરત પણ આવેલ નથી. આમ પોલીસ એજન્સી પ્રોસેસ બજાવામાં નીષ્ફળ ગયેલા છે અને તે પરથી નજીકના ભવિષ્યમાં આરોપી મળી આવે તેમ જણાતુ નથી. વળી સદરહુ કેસ સમન્સ ટ્રાયેબલ છે અને આરોપીને હાજર કરવા માટે પ્રોસેસ કરવાથી તે માત્ર મીસયુઝ અને કોર્ટના સમયનો બગાડ છે. આ તમામ પાસાઓ ધ્યાને લેતા આ કેસનું પ્રોસીડીંગ્સ આગળ ચલાવુ ન્યાયી જણાતુ નથી.અત્રેનાં કેસમાં આરોપી મળી આવતાં ન હોય તેમજ પોલીસ અન્ય કોઈ રીતે પણ આરોપીને હાજર રખાવી શકાય તેમ ન હોય, સમન્સની બજવણીમાં પોલીસ નિષ્ફળ ગયેલ હોય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ નો ઉપયોગ કરવાની જરૂરીયાત જણાતી હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-/// હુ ક મ ///-

:૧: ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૮ તળે આરોપી જિજ્ઞેશકુમાર નારણભાઈ બોરેસા રહે.હિંમતનગર સામેની હાલની કાર્યવાહી સ્થગીત કરી આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આરોપી મળી આવ્યેથી પોલીસ ફરી ચાર્જસીટ કરી શકશે તેવો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ ૧૧મી માહે જુલાઈ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧ /૭/૨૦૨૬
સ્થળ :- પ્રાંતિજ.

(સ્નેહલ મૃદુલભાઈ શુકલ)
એડીશ્નલ ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ
પ્રાંતિજ. જી. સાબર કાંઠા
**કોડ નં જીજે-૦૧૩૮૩**